


ગાંધીનગર શહેરમાં દબાણ અંગે અનેક ફરિયાદો જાગૃત નાગરિકો દ્વારા થઈ રહી છે. જેમાં સે. ૨૧ શાકમાર્કેટ વિસ્તારમાં માર્કેટની બહાર ફૂટપાથ પર તથા આસપાસ અનેક છૂટક-વેપારીઓ ઓટલા, લારીઓ આડેધડ ગમે તે જગ્યાએ વેપલો કરતાં ટ્રાફિકને અડચણરૂપ દબાણ દ્વારા નાગરિકોને ભારે મુશ્કેલી અનુભવવી પડે છે. જ્યારે આજે મહાનગર પાલિકાનું દબાણતંત્ર ત્રાટકતાં દબાણકર્તાઓમાં નાસભાગ તથા ફફડાટ વ્યાપી ગયો હતો. જ્યારે આ તંત્ર દ્વારા સડેલી ખાદ્યચીજવસ્તુઓ, શાકભાજીનો જથ્થો જપ્ત કરી ટ્રેક્ટરમાં લઈ જવાયો હતો. આમ અનેક દબાણકારો તંત્રની લાલ આંખ જોતાં પોતાનો માલસામાન સંકેલી લઈ દૂર થયા હતા. આમ તંત્ર દ્વારા હાથ ધરેલી ઝુંબેશ અભિયાન દ્વારા રાહતનો અનુભવ થયો હોય તેવું મનાય છે.

# પટેલ વાડીમાં ચાલુ લગ્ન સમારંભે ૧.૯૦ લાખ ભરેલું પાકીટ ચોરાયું

## ટાબરીયા ગેંગ સક્રીય હોવાની શંકા : સે-૭ની વાડીમાં બનેલો બનાવ : ૨.૧૦ લાખનો મુદ્દામાલ પાકીટમાં હતો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં લગ્નની મૌસમ જામી છે ત્યારે પ્રસંગમાં ઘુસીને નજર ચુકવી કિંમતી દર દાગીના કે રોકડ ભરેલી બેગ ઉઠાવી જતી ટાબરીયા ગેંગ સક્રીય થઈ ગઈ છે. ગઈ કાલે સે-૭ પટેલ વાડીમાં ચાલુ લગ્ન સમારંભે એક મહિલાનું રૂ. ૧.૯૦ લાખ રોકડા તથા ૪ મોબાઈલ મળીને રૂ. ૨.૧૦ લાખનો મુદ્દામાલ ભરેલું પાકીટ સરકાવીને કોઈ રફફુચક્કર થઈ ગયું હતું. સે-૭ પોલીસે આ મહિલાના પતિની ફરિયાદને આધારે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

શહેરના સે-૨-સી પ્લોટ નં. ૨૮૪/૧ ખાતે રહેતા તબીબ ભાવીનભાઈ જયંતિભાઈ ભાવસાર તથા તેમના પત્નિ વૈશાલીબેન સે-૭ પટેલ વાડી ખાતે ગઈ કાલે યોજાયેલા લગ્ન સમારંભમાં ગયા હતા. વૈશાલીબેનની બહેનના ઘરે પ્રસંગ હતો.

બપોરના અરસામાં લગ્ન ચાલી રહ્યા હતા અને બીજી તરફ નાચગાન ચાલી રહ્યું હતું. આવા સમયે આનંદના રંગમાં રંગાયેલા વૈશાલીબેનની નજર ચુકવીને કોઈ શખ્સે તેમનું પાકીટ સેરવી લીધું હતું. તેમના પાકીટમાં રૂ. ૧.૯૦ લાખ રોકડા તથા ૪ મોબાઈલ પડયા હતા. કુલ રૂ. ૨.૧૦ લાખનો મુદ્દામાલ ભરેલું પાકીટ કોઈ ચોરી જતાં ઉહાપોહ થઈ ગયો હતો. ડૉ. ભાવીન ભાવસારની ફરિયાદને આધારે આ બનાવ અંગે સે-૭ પોલીસ મથકના પીએસઆઈ જી.કે. પરમારે ગુનો નોંધી ઝીણવટભરી તપાસ શરુ કરી છે. આ ગુનામાં ટાબરીયા ગેંગનો હાથ હોવાની શકયતા છે.

# ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ કરી જનાર જેસીબી ડ્રાઈવર ઝડપાયો

## ૧૦ મહિનાથી કિશોરી સાથે બિહાર રહેતો હતો : કિશોરી પર બળાત્કાર પણ ગુજાર્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક રાંધેજા ગામની સીમમાં એક બાંધકામ સાઈટ પરથી એક જેસીબી ડ્રાઈવરે ૧૦ માસ અગાઉ ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ કરી ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણમાં કિશોરી સાથે આરોપી ડ્રાઈવર નાસતો ફરતો હતો. પેથાપુર પોલીસ અને ગાંધીનગર સી.પી.આઈ.ની ટીમે આજે બિહારથી આ શખ્સને ઝડપી પાડ્યો છે અને તેની ધરપકડ કરી પુછતાછ કરતાં કિશોરી પર બળાત્કાર ગુજાર્યો હોવાની પણ વિગતો બહાર આવી છે.

રાંધેજા ગામની સીમમાં એક બાંધકામ સાઈટ પર જેસીબી ચલાવતો ડ્રાઈવર રાકેશ હરિન્દ્રપ્રસાદ પાસવાન (રહે. ગોપાલગંજ, બિહાર) વર્ષ ૨૦૧૩ના મે મહિનામાં તેજ બાંધકામ સાઈટ પર મજુરી કામ કરતી એક ૧૫ વર્ષની કિશોરીનું અપહરણ કરી ભાગી ગયો હતો. દસેક માસથી આ શખ્સ નાસતો ફરતો હતો. આ પ્રકરણમાં પેથાપુર પોલીસમથકે ગુનો નોંધાયો હતો. સી.પી.આઈ. એસ.ડી. પટેલ તથા તેમની ટીમ અને પેથાપુર સિનિ. પીએસઆઈ એસ.જે. વાઘેલા તથા તેમની ટીમે બિહારના ગોપાલગંજથી તેને પકડી પાડી ધરપકડ કરી લીધી છે. કિશોરી સાથે શરીર સુખ માણ્યુ હોવાનું ડ્રાઈવર યુવાને કબુલતા પોલીસે બળાત્કારની કલમનો ઉમેરો કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# પી.આઈ. જે.એમ. ભરવાડ સામે કોર્ટમાં વધુ એક ફરિયાદ

## બિરસા મુંડા ભવન ઉચાપત પ્રકરણમાં એક સોનીને સાત દિવસ ગેરકાયદે ગોંધી રાખ્યો : ૧૫ દિવસમાં તપાસનો રિપોર્ટ રજુ કરવા ડીએસપીને નિર્દેશ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સેકટર-૭ પોલીસ સ્ટેશનનાં સિનિ. પી.આઈ. જે.એમ. ભરવાડ સામે હજુ એક ઘરઘાટીને ગેરકાયદે ગોંધી રાખવાનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે ત્યાં બીજી એક ફરિયાદ કોર્ટમાં તેમની સામે થવા પામી છે. બિરસા મુંડા ભવનની કરોડોની ઉચાપત પ્રકરણમાં એક સોનીને સાત દિવસ ગેરકાયદે ગોંધી રાખ્યાની ફરિયાદ તેની બહેને કોર્ટમાં કરતા કોર્ટે તપાસનો અહેવાલ ૧૬ દિવસમાં રજુ કરવા ડીએસપીને નિર્દેશ કર્યો છે.

આલમપુર ગામના સોનલબેન પટેલે ગાંધીનગર કોર્ટમાં પી.આઈ. જે.એમ. ભરવાડ સામે ફરિયાદ કરી છે જેમાં તેણીના ભાઈ હીમેન પટેલને ૧૯ જાન્યુઆરીએ સે-૭ પોલીસ પકડી ગઈ હતી અને કાયદેસરની ધરપકડ ન બતાવીને ઓને ઓન ગેરકાયદે સાત દિવસ ગોંધી રાખ્યો હતો. પોલીસ દ્વારા નાણાની માંગણી પણ કરાઈ હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. હીમેન પટેલને સે-૭ પોલીસ બિરસા મુંડા ભવનમાં થયેલી ઉચાપત પ્રકરણમાં તપાસ માટે બોલાવાયો હોવાનું પી.આઈ. ભરવાડનું કહેવું છે. ઉચાપતના રૂપિયા પૈકી કેટલીક રકમ તેની પાસે છે. આ કામની તપાસ માટે હીમેનને બોલાવાયો હતો. ગોંધી રાખ્યાની બાબત રૂપિયા પરત ન કરવા પડે તે માટે ઉપજાવી કઢાઈ હોવાનું પી.આઈ. ભરવાડ કહે છે. કોર્ટે આ મામલાને ગંભીરતાથી લઈ ડીએસપી શરદ સિંઘલને તપાસ અહેવાલ ૧૫ દિવસમાં રજુ કરવા નિર્દેશ કર્યો છે.

# દહેગામ ખાતે તેજ આઈ સેન્ટર નવીન શાખાનો શુભારંભ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે મોડાસા પશુ દવાખાના પાસે જાણીતા આંખના ડૉકટર તેજલ દલાલ દ્વારા ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં વસતા નાગરિકોને આંખના રોગનું ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દર્દીઓનું ચેકઅપમાં ડાયાબિટીસ અને આંખોની ચકાસણી કરવામાં આવી હતી.

આ કેમ્પમાં દહેગામ શહેર તથા ગ્રામ્ય વિસ્તારના ૧૨૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં આજુબાજુના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં અગ્રણી આગેવાનો હાજર રહ્યા હતા. આ કેમ્પમાં ડૉ. દલાલે જણાવ્યું હતું કે ૧૦ વ્યકિત એ બે વ્યકિતઓ ડાયાબિટીસના કારણે પોતાની આંખો ગુમાવે છે.

# આજે રામ વિવાહ યોજાશે

રાંધેજાની મૈત્રી એવન્યુ સોસાયટી ખાતે ચાલતી રામકથામાં આજ રોજ ગુરુવાર બપોરે ૨.૦૦ કલાકે રામવિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાતી રામકથામાં મોટી સંખ્યામાં ભાવિ ભકતોને પધારવા હાર્દિક આમંત્રણ રામકથા સમિતિ દ્વારા આપવામાં આવ્યું છે.

# અનુસૂચિત જાતિ એકતા મંચ તાલીમ શિબિર યોજાશે

અનુસૂચિત જાતિ એકતા મંચ ગાંધીનગર દ્વારા વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષા માટે અનુસૂચિત જ્ઞાતિના વિદ્યાર્થીઓ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તાલીમ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ વાસુદેવ શ્રીમાળી બ્લોક નં. ૯૧/૩, જ-ટાઈપ, સેક્ટર-૭ અથવા ૯૮૨૪૫-૨૬૪૯૮ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# ૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સ્વર્ગીય વિક્રમસિંહ બિહોલાને મરણોત્તર સન્માનપત્ર અર્પણ

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે તા. ૨૯-૪-૨૦૧૩ના રોજ નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકમાં ચોરી કરવાના ઈરાદે આવેલ ઈસમોને રંગેહાથ પકડવા હોમગાર્ડ ડ્યુટીમાં પાલજ ગામના વતની સ્વ. વિક્રમસિંહ રઘુજી બિહોલાને વીજકરંટ લાગતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આમ વિક્રમસિંહે જાનની આહુતિ આપી ફરજ પ્રત્યે કર્તવ્યનિષ્ઠા અને હિંમતભર્યુ અને બહાદુરીપૂર્વક કામગીરી બજાવી હતી. આ સંદર્ભે ૬૫મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે માણસા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમ ખાતે શ્રમ-રોજગાર મંત્રી પુરુષોત્તમ સોલંકીના હસ્તે સ્વર્ગીય વિક્રમસિંહ રઘુજી બિહોલાને મરણોત્તર સન્માનપત્ર તેમની વિધવા પત્ની મમતાબેન બિહોલાને એનાયત કરવામાં આવ્યું હતું. આ અંગે ચિલોડા હોમગાર્ડઝ યુનિટ સ્ટાર પરિવાર તથા પ્લાટુન સાર્જન્ટ શ્રી બી.એન. જાદવન ઉત્તમ સેવાની કદર કરવા બદલ ગર્વની લાગણી પ્રવર્તી રહી છે.

# ઠાકોર સમાજનો જીવનસાથી પરિચય મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

શુભ લાભ ઠાકોર (ક્ષત્રિય) મરેજ બ્યુરો ગાંધીનગર દ્વારા ઠાકોર સમાજનો જીવનસાથી પરિચય મેળો ગઈ ૨૬મી જાન્યુઆરીના રોજ આંબેડકર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

જેમાં સમાજના ૨૬૭ લગ્નોત્સુક યુવક યુવતિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભરતસિંહ ડાભી ધારાસભ્ય ખેરાલુ, પુંજાજી ઠાકોર, ચેરમેન ઠાકોર વિકાસ બોર્ડ, જયદિપસિંહ ઠાકોર પ્રમુખ ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસ તેમજ એમ.કે. દેથણીયા, લક્ષ્મણજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં.



પાટનગરમાં રોડ નં.૭ થી ચ રોડ પર પ્રવેશતા રોડ ઉપર પડેલા મોટા મોટા ગાબડાથી શહેરમાં પ્રવેશતા નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. છેલ્લા ૬ મહિનાથી આ ગાબડામાં થુંક લગાવવાનું કામ કરવામાં આવે છે. જે અત્યંત કમનસીબ બાબત છે ત્યારે નગરજનોમાં ચર્ચા ચાલી રહી છે કે નગરજનોમાં રોડ ઉપર પડેલા મોટા મોટા ગાબડા વિકાસ નામના શબ્દમાં આવતા નથી? (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ચિલોડા ખાતેથી બાઈકની ઉઠાંતરી થયા બાદ ૨૪ કલાકમાં અન્ય સ્થળેથી બાઈક મળી આવ્યું

ચિલોડા, તા. ૨૯

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જંકશન મથકે ખાનગી વાહનોની ભારે અવરજવર થતી હોય છે. જેમાં અમુક નોકરીયાત વર્ગ પોતાના વાહનો આડેધડ મુકી આજુબાજુ હોટલો કે લારીઓની આસપાસ ચા-પાણી નાસ્તો કરવા જતા હોય છે.

આમ ખાનગીવાહનોમાં દ્વિચક્રી વાહનો ફૂટપાથ નજીક રોડ પર પાર્કિંગ કરતા માલુમ પડે છે. જ્યારે હમણાંથી ચિલોડા વિસ્તારમાં દ્વિચક્રી વાહનની ચોરી કે ઉઠાંતરી કરવામાં તસ્કરોએ પગપેસારો કર્યો હોવાનું મનાય છે.

જેમાં મોઢેશ્વરી રેસ્ટોરન્ટમાં ચાનો સ્ટોલ ચલાવતા લાલાભાઈ અંબાલાલ પટેલ પોતાની નજર સમક્ષ પોતાનું બાઈક જીજે-૧૮-એ.ઈ.૧૦૨૪ સ્પ્લેન્ડર પ્લસ પાર્ક કરી લોક કરેલ બાઈક મુકી એક મિત્રને સામા રોડ પર મળવા ગયા હતા ત્યાર બાદ રેસ્ટોરન્ટમાં આવી તપાસ કરતાં પોતાનું બાઈક મૂળ જગ્યાએ ન જોતાં આજુબાજુ અનેક સ્થળે બાઈકની શોધ કરવા પ્રયત્ન કર્યો હતો. ત્યાર બાદ બીજા દિવસે આ બાઈક સર્કલ પાસેના પેટ્રોલ પંપની નજીક હોવાનું માલુમ પડતાં બાઈક પરત મળતાં રાહતનો દમ ખેંચ્યો હતો. આમ ૨૪ કલાક બાદ બાઈક અન્ય સ્થળેથી મળતા આ વિસ્તારમાં બાઈક ચોરે ગેંગ સક્રીય બન્યું હોવાનું જણાય છે. આમ બાઈકચોરી અંગે કોઈ ફરિયાદ નોંધાવા પામી ન હતી.

# ટેલીફોનની ૧૯૭ ઈન્કવાયરીને સક્ષમ બનાવવા રજૂઆત

## અઠવાડીયાથી વધુ ફોન બંધ રહે તેવા કિસ્સામાં ગ્રાહકને વળતર આપવા ટેલીકોમ અદાલતમાં રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

ટેલીકોમ અદાલત દરમિયાન ગ્રાહકલક્ષી સુવિધાઓ અસરકારક બનાવવા નગરના અગ્રણીઓએ રજૂઆત કરી હતી. જેમાં ૧૯૭ સ્થાનિક ઈન્કવાયરીને સક્ષમ બનાવવા ઉપરાંત વધુ દિવસો સુધી બંધ રહેતા ટેલીફોનના બીલમાં ગ્રાહકને વળતર આપવા પણ શહેર વસાહત મહામંડળના પ્રતિનિધિઓએ રજૂઆત કરી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચના જણાવ્યા મુજબ ટેલીકોમ અદાલત દરમિયાન ટેલીફોન ઈન્કવાયરી-૧૯૭ને અમદાવાદ સાથે જોડી દેવાયું છે. ઈન્કવાયરી પાસે સરકારી કે બિનસરકારી નંબરો ઉપલબ્ધ હોતા નથી જેના પરિણામે ગ્રાહકોને માર્ગદર્શન મળતુ નથી. ઈન્કવાયરી કક્ષાએથી નગરના સેવાભાવી નાગરિકોને ફોન નંબર આપી દેવામાં આવે છે. ટેલીકોમ અદાલત દરમિયાન મહામંડળના મયુર વ્યાસ, સુધીર દેસાઈએ પણ બ્રોડબેન્ડ કનેક્ટીવીટી અંગે રાત્રિના સમયે મોનીટરીંગ કરવા રજૂઆત કરી હતી. આ ઉપરાંત વધુ દિવસો સુધી બંધ રહેતા ટેલીફોનના ગ્રાહકોને વળતર ચુકવવા તેમજ ગ્રાહકોની ફરિયાદો માટે રજીસ્ટરની વ્યવસ્થા કરવા પણ રજૂઆત કરવામાં આવી હતી.

# ડુંગરી ગરાસિયા સમાજનો સમારોહ

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટનો દસમો વાર્ષિક સ્નેહમિલન સમારોહ, તા. ૨ ફેબ્રુઆરીના રોજ યોજાનાર હતો. જે અનિવાર્ય સંજોગોને કારણે બંધ રાખવામાં આવેલ છે. આ સમારોહ હવે તા. ૯ ફેબ્રુઆરી, રવિવાર, બપોરે ૧૨.૦૦ કલાકે ટાઉનહોલ સેકટર-૧૭ ખાતે યોજવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૧
સૂર્યાસ્ત : ૬.૧૬

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૩૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૯.૪૫, ૧૨.૫૫, ૪.૫, ૭.૧૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
જય હો : ૮.૩૦, ૧૧.૩૦, ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૧૫, ૩.૨૫, ૬.૩૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૪૫, ૫.૫, ૮.૧૫
યારીયાન : ૧.૫૫

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જય હો : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
: સ્ક્રીન-૨ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૫.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૧.૩૦, ૮.૩૦, ૯.૩૦
યારીયાન : ૨.૩૦

### સૂર્યા, વાવોલ

કરલે પ્યાર કરલે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
જય હો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૧.૦૦, ૭.૩૦, ૧૦.૩૦
યારીયાન : ૨.૦૦ ૪.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

કરલે પ્યાર કરલે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રેમચંદભાઈ અંબાલાલ પંચાલ (ઉ.વ. ૭૦) મુ.પો. માણેકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ભરતજી સતાજી ઠાકોર (ઉ.વ. ૨૦) પ્લોટ નં. ૧૬૦, ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. શકરાજી સોમાજી ઠાકોર (ઉ.વ. ૬૫) મુ.પો. વલાદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નારણભાઈ મરઘાભાઈ પટેલ (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૩૫૭/૧, શ્રેયસ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. સીતાબેન પૂંજાભાઈ પટેલ (ઉ.વ. ૬૫) મુ.પો. ચીલોડા મોટા, ઈસનપુર રોડ, તા., જિ. ગાંધીનગર.